# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ | નડીયાદ | ખેડા | પેટલાદ | ઉમરેઠ | ખંભાત | ડાકોર | લુણાવાડા | બાલાસિનોર

ગુરૂવાર ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬




### ખેડા - માતર પંથકમાં વિધર્મીઓ દ્વારા ગેરકાયદેસર રીતે જમીન ખરીદી ડેમોગ્રાફી ચેન્જ કરવાનું ષડયંત્ર હોવાનો આક્ષેપ

# ખેડામાં 'લેન્ડ જેહાદ' : 'ફક્ત મુસ્લિમો માટે'ના બોર્ડથી રોષ

**નડિયાદ ખાતે** વિશ્વ હિન્દુ પરિષદે કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું

(પ્રતિનિધિ) નડિયાદ, તા.25

ખેડા જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી કોમી એકતા ડહોળવાના પ્રયાસો થઈ રહ્યા હોવાના આક્ષેપ સાથે વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા જિલ્લા કલેક્ટરને ધારદાર રજૂઆત કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદના પદાધિકારીઓએ કલેક્ટરને પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં હિંદુ બહુમતી ધરાવતા ગામોમાં આયોજનબદ્ધ રીતે ભૌગોલિક ફેરફારો એટલે કે ડેમોગ્રાફી ચેન્જ કરવાનું મોટું ષડયંત્ર ચાલી રહ્યું છે.

આ આવેદનપત્રમાં ખાસ કરીને અમદાવાદના વટવા, રખિયાલ, બાપુનગર અને જુહાપુરા જેવા વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં મુસ્લિમ સમુદાયના લોકો ખેડા જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં સ્થળાંતર કરી રહ્યા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. વીએચપીના મતે આ સ્થળાંતર કુદરતી નથી પરંતુ એક ચોક્કસ પ્લાનિંગ હેઠળ



કરવામાં આવી રહ્યું છે. આ રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે ખેડા જિલ્લાના માતર, માછીયેલ, ગરમાળા, ત્રાજ, મહેમદાવાદ અને ખેડા જેવા ગામો મુખ્યત્વે લેન્ડ જેહાદના ટાર્ગેટ પર છે.

આ ગામોની ખેતીની જમીન મૂળ ખેડૂતો પાસેથી ખરીદીને તેમાં હિંદુઓના નામ રાખી મહેસૂલના નીતિ નિયમોનો ભંગ કરીને મોટા પાયે પ્લોટિંગ કરવામાં આવે છે. ત્યારબાદ આ જમીનો પર ગેરકાયદેસર રીતે ફાર્મ હાઉસના નામે બાંધકામો ઉભા કરી દેવામાં આવે છે અને તેને વેચી દેવામાં આવતા હોવાની ફરિયાદો ઉઠી છે.

વહીવટી તંત્રની આંખ નીચે જમીન કૌભાંડ અને ગેરકાયદેસર વસાહતો ઉભી કરવામાં આવી રહી હોવા છતાં કોઈ નક્કર પગલાં લેવામાં આવતા નથી તેવો રોષ વ્યક્ત કરવામાં આવ્યો છે. જો વહીવટી તંત્ર દ્વારા આ બાબતે સઘન તપાસ કરીને જવાબદારો સામે કાયદેસરની કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ પરિષદ દ્વારા આપવામાં આવી છે.

### હિંદુ યુવાન પર હુમલાની ઘટના

તાજેતરમાં ગરમાળા ગામે એક હિંદુ યુવાન પર ધાર્મિક દ્વેષ રાખીને છરી વડે હુમલો કરવામાં આવ્યો હોવાનો પત્રમાં ઉલ્લેખ કરાયો છે. આ પ્રકારની હિંસક ઘટનાઓથી સમગ્ર પંથકમાં તંગદિલી વ્યાપી ગઈ છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને અને શાંતિ જળવાઈ રહે તે માટે તંત્ર વહેલી તકે કડક પગલાં ભરે તેવી વીએચપીના કાર્યકરોએ કલેક્ટર સમક્ષ માંગણી કરી છે.

### ચોક્કસ સમુદાય માટે જાહેરાતો સામે વિરોધ

ગરમાળા ગામની સીમના સિટી સર્વે નંબર 978 માં નિર્માણધીન આશિયાના રેસિડેન્સીના ડેવલપર્સ દ્વારા આપવામાં આવેલી જાહેરાતો સામે વીએચપીએ સખત વિરોધ નોંધાવ્યો છે. રજૂઆત મુજબ આ જાહેરાતોમાં ફક્ત મુસ્લિમો માટે જ આ રહેણાંક હોવાનું સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે જે ગેરબંધારણીય છે. આવા પ્રયાસોને કારણે સ્થાનિક હિંદુ સમાજમાં ભય અને અસલામતીની લાગણી જન્મી રહી છે.

### હિજરતની નોબત આવવાની ભીતિ

રજૂઆતકર્તાઓના મતે જો આ પ્રકારે મોટા પાયે થઈ રહેલા ભૌગોલિક ફેરફારોને અટકાવવામાં નહીં આવે તો ભવિષ્યમાં મૂળ સ્થાનિક હિંદુઓ માટે મોટી મુશ્કેલીઓ સર્જાઈ શકે છે. હિંદુ પરિવારોએ પોતાની વડવાઓની મિલકતો ઓછા ભાવે વેચીને સ્થળાંતર કે હિજરત ન કરવી પડે તે જોવાની જવાબદારી સરકાર અને વહીવટી તંત્રની છે.


# વિદ્યાનગર અને મોગરીથી 15 લારી તથા 3 ટેમ્પા જપ્ત કરાયાં

**જાહેર રસ્તા પર** દબાણ કરનારાઓ સામે એસ્ટેટ વિભાગની આકરી કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.25

કરમસદ - આણંદ મહાનગરપાલિકા વિસ્તારમાં ટ્રાફિક અને રાહદારીઓને અડચણરૂપ બનતા ગેરકાયદેસર દબાણો સામે તંત્રએ કડક વલણ અપનાવ્યું છે. મ્યુનિસિપલ કમિશનરની સૂચના બાદ એસ્ટેટ વિભાગની ટીમે શહેરના વિવિધ વિસ્તારોમાં ઓચિંતી તપાસ હાથ ધરી રસ્તા પર ઊભા રાખવામાં આવતા લારી-ગલ્લા અને વાહનો જપ્ત કરવાની કામગીરી કરી છે.

કરમસદ - આણંદ મનપાના એસ્ટેટ વિભાગ દ્વારા કરવામાં આવેલી આ કામગીરી અંતર્ગત




વિદ્યાનગરના ભાઈકાકા સર્કલ પાસે જાહેર રસ્તા પર લોકોને અડચણરૂપ હોય તેવી 10 લારીઓ અને 3 ટેમ્પા જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ગત રાત્રિના રોજ મોગરી મહાત્મા ગાંધી વિદ્યાલય પાસે પણ દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી હતી, જેમાં 5 લારીઓ અને અન્ય પરચુરણ સામાન કબજે લેવાયો હતો.

આ અંગે મહાનગરપાલિકાના એસ્ટેટ ઈન્સ્પેક્ટરે જણાવ્યું છે કે, મનપા વિસ્તારમાં જાહેર માર્ગો પર ગેરકાયદેસર દબાણ કરનારાઓ સામે આ ઝુંબેશ સતત ચાલુ રાખવામાં આવશે. જો હવે પછી કોઈ પણ લારી-ગલ્લા ધારકો રસ્તા પર અડચણ ઉભી કરશે, તો તેમનો સામાન જપ્ત કરવા સાથે દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

### લુણાવાડામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો

# ડમ્પરની અડફેટે સાત વર્ષના માસૂમનું મોત

**સારવાર** કરાવવા જઈ રહેલા દંપતીએ વ્હાલસોયો પુત્ર ગુમાવ્યો

(પ્રતિનિધિ) લુણાવાડા તા.25

લુણાવાડાના નવા હાડોડ બ્રિજ પર પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ધસી આવેલા એક ડમ્પર ચાલકે મોટરસાયકલને જોરદાર ટક્કર મારતા સાત વર્ષીય બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. માતાની સારવાર માટે જઈ રહેલા પરિવાર સાથે સર્જાયેલી આ દુર્ઘટનાને પગલે પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કસલાલ ભોઈવાડા ફળિયામાં રહેતા કાળીદાસભાઈ મંગળભાઈ ભોઈ તેમની પત્નીને ગર્ભાશયનું ઓપરેશન કરાવવા માટે 24મી ફેબ્રુઆરી, 2026ના રોજ મોટરસાયકલ પર લુણાવાડા જવા નીકળ્યા હતા. તેમની સાથે તેમનો સાત વર્ષનો પુત્ર રિધમકુમાર પણ હતો. દરમિયાન નવા હાડોડ બ્રિજ પરથી પસાર થતી વખતે સામેથી આવતા ડમ્પર (નંબર જીજે 31 ટી 9145) ના ચાલકે બાઈકને હડફેટે લેતા ભયંકર અકસ્માત સર્જાયો હતો.

આ અકસ્માતમાં રિધમકુમારના માથાના ભાગે ડમ્પરનું ટાયર ફરી વળતા તેનું સ્થળ પર જ મોત નિપજ્યું હતું, જ્યારે કાળીદાસભાઈ અને તેમની પત્નીને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી. પોતાની નજર સામે જ માસૂમ પુત્રને ગુમાવતા દંપતી પર આભ ફાટી પડ્યું હતું. આ અંગે મૃતકના સંબંધી અનિલભાઈ ભોઈએ કાંઠબા પોલીસ સ્ટેશનમાં ડમ્પર ચાલક સામે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદમાં પિઝા હટ સહિતની સંસ્થાને લાખોનો દંડ ફટકાર્યો

**પનીર, તેલ અને** ખારીના નમૂના 'સબ સ્ટાન્ડર્ડ' અને 'મીસ બ્રાન્ડેડ' જાહેર થતા કાર્યવાહી

(પ્રતિનિધિ) આણંદ તા.25

આણંદ જિલ્લામાં ખાદ્ય પદાર્થોમાં ભેળસેળમાં હવે બ્રાન્ડેડ કંપની પણ પાછી પાની કરી રહી નથી. હાલમાં ફૂડ વિભાગની ડ્રાઈવ દરમિયાન કેટલાક બ્રાન્ડેડ સ્ટોલમાંથી લીધેલા નમૂના સબ સ્ટાન્ડર્ડ થતાં તમામ સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી.

આણંદ જિલ્લા ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા લેવામાં આવેલા ખાદ્ય પદાર્થોના નમૂનાઓ પરીક્ષણમાં સબ સ્ટાન્ડર્ડ અને મીસ બ્રાન્ડેડ જાહેર થતાં વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી છે. આણંદના એજ્યુડીકેટીંગ ઓફીસર અને નિવાસી અધિક કલેક્ટર ઋતુરાજ દેસાઈની કોર્ટ દ્વારા ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ-2006ના ભંગ બદલ વિવિધ જવાબદાર પેઢીઓ સામે દંડનીય આદેશો કરવામાં આવ્યા છે. ખોરાક અને ઔષધ નિયમન તંત્રની આ કડક કાર્યવાહીથી જિલ્લાના ખાદ્ય પદાર્થોના વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

### કઈ પેઢીને કેટલો દંડ ફટકારાયો?

- ગેલોપ્સ હોસ્પિટાલિટી અને કાંતીલાલ મણીલાલ ફુડ પ્રોડક્ટસ: વાસદ-તારાપુર હાઈવે પર આવેલ મે.ગેલોપ્સ હોસ્પિટાલિટીમાંથી લેવાયેલ મલાઈ સોફ્ટ પનીર અને લો ફેટ પનીરના નમૂના 'સબ સ્ટાન્ડર્ડ' જણાતા ઉત્પાદક પેઢી સાથે સંયુક્ત રીતે રૂ. 4,00,000/- નો દંડ ફટકારવામાં આવ્યો છે.
- ઝુલેલાલ ટ્રેડસ અને આકાશ એગ્રો ઈન્ડસ્ટ્રીસ: આણંદના સરદાર ગંજમાં 'આરતી રીફાઈન કોટન સીડ ઓઈલ'નો નમૂનો સબ સ્ટાન્ડર્ડ જાહેર થતા ઉત્પાદક અને વિક્રેતાને સંયુક્ત રીતે રૂ. 1,25,000/- નો દંડ કરવામાં આવ્યો છે.
- રિલાયન્સ રીટેલ (બોરસદ): અક્ષરમોલમાંથી 'કોટ્સ રોસ્ટેડ આટા ખારી'નો નમૂનો 'મીસ બ્રાન્ડેડ' જાહેર થતા રિલાયન્સ રીટેલ, સપ્લાયર અને ઉત્પાદક પેઢી સહિત તમામને મળી કુલ રૂ. 1,75,000/- નો દંડ ફટકારાયો છે.
- પિઝા હટ (મારુતી સોલારીસ મોલ): 'શેફાયર ફુડ્સ ઈન્ડીયા પ્રા. લી. (Pizza Hut)' માંથી લેવાયેલ Rice Cone નો નમૂનો 'મીસ બ્રાન્ડેડ' જાહેર થતા વિક્રેતા, સપ્લાયર અને ઉત્પાદક પેઢીને મળી કુલ રૂ. 2,25,000/- નો દંડ કરવામાં આવ્યો છે.

### રઢુ ગામમાં મુક સેવક રવિશંકર મહારાજની 142મી જન્મ જયંતીની ઉજવણી કરાઇ




દેશની સ્વતંત્રતામાં મહત્વની ભૂમિકા ભજવનારા અને ગુજરાતના બીજા ગાંધી ગણાતા મુક સેવક રવિશંકર મહારાજની 142મી જન્મ જયંતી નિમિત્તે તેમની જન્મભૂમિ રઢુ ગામમાં વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો પ્રારંભ મહારાજની પ્રતિમાના પૂજન અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે બાળકોને મહારાજના જીવન ચરિત્રથી માહિતગાર કરાયા હતા અને બાળકો દ્વારા રવિશંકર મહારાજનો એકપાત્રી અભિનય તથા વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું. આ ઉજવણી અંતર્ગત 'દાદાનું વ્હાલું રઢુ ગામડું' નામનું સુંદર એલઇડી લાઈટિંગ બોર્ડ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે પક્ષીઓ માટે પાણીના કુંડા અર્પણ કરી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમર્પણ સેવા ટ્રસ્ટ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં ગામના વડીલો, યુવાનો અને બાળકો મોટી સંખ્યામાં જોડાયા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ ચિરાગભાઈ પુરોહિત હાજર રહ્યાં હતાં. - **તસવીર : પ્રજ્ઞેશ ભાવસાર**

### નડિયાદમાં 38 વર્ષ જૂની 31 જર્જરિત દુકાનો ગમે ત્યારે ધરાશાયી થવાની ભીતિ

# નડિયાદમાં સોશિયલ ક્લબ સામે 'મોતનો માંચડો' હટાવવામાં મનપાની પાછીપાની

**વર્ષ 2022ના** ઠરાવ બાદ પણ અધિકારીઓની શંકાસ્પદ ઢીલ

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદના હાર્દ સમાન સોશિયલ ક્લબ વિસ્તારમાં આવેલી મહાનગરપાલિકાની 31 વ્યાપારી દુકાનો હાલ મરણતોલ હાલતમાં છે. વર્ષ 2022માં તત્કાલીન પ્રમુખ દ્વારા સામાન્ય સભામાં ઠરાવ નંબર 67 પસાર કરી આ દુકાનોનો કબજો પરત લેવાનો આદેશ અપાયો હતો, છતાં એસ્ટેટ વિભાગના અધિકારીઓની શંકાસ્પદ નીતિને કારણે આ જોખમી બાંધકામ હજુ પણ ઉભું છે. 1985માં નિર્મિત આ બિલ્ડિંગનો સ્લેબ જર્જરિત થઈ ગયો હોવા છતાં, તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોતું હોય તેમ લાગી રહ્યું છે.

નડિયાદની મનપા પોતાના જ અહેવાલ મુજબ આ બાંધકામ ભયજનક છે. તેમ છતાં, અગાઉ ચીફ ઓફિસર અને હાલ ડેપ્યુટી કમિશનર તરીકે ફરજ બજાવતા રૂદ્રેશ હુદળ તથા વર્તમાન એસ્ટેટ ડેપ્યુટી કમિશનર આનંદ ઉકાણી દ્વારા આ ઠરાવની અમલવારીમાં કોઈ રસ દાખવવામાં આવ્યો નથી. આ દુકાનોના ભાડા પટ્ટાની મુદત પૂરી થઈ ગઈ છે અને શરતભંગ પણ થયો છે, છતાં સરકારી મિલકત પર દબાણકર્તાઓનો કબજો યથાવત રાખવા પાછળ અધિકારીઓની ભૂમિકા સામે સવાલો ઉઠી રહ્યા છે.

### કરોડોની મિલકત વગદારોના હવાલે !



નડિયાદ મનપાનો વિસ્તાર વધતા નવી ઓફિસો અને રેકોર્ડ રૂમ માટે જગ્યાની તાતી જરૂરિયાત છે. તંત્ર પાસે આ દુકાનો તોડીને નવી સુવિધા ઊભી કરવાનો સ્પષ્ટ ઠરાવ હોવા છતાં, અધિકારીઓ જાણી જોઈને ઠાગાઠૈયા કરી રહ્યા છે. સરકારી મિલકતનો કબજો મેળવવાને બદલે દબાણકર્તાને છાવરવાની આ નીતિથી પાલિકાની તિજોરીને પણ નુકસાન થઈ રહ્યું છે.

નડિયાદ મહાનગરપાલિકા બન્યા બાદ રેકોર્ડ અને ઓફિસોની સંખ્યા વધતા જગ્યાની ભારે અછત સર્જાઈ છે. 2022ના ઠરાવ મુજબ આ દુકાનો તોડીને પાલિકા સંકુલનો વ્યાપ વધારવાનો હતો, પરંતુ સત્તાધીશો જાહેર હિતને બદલે વગદારોના હિત સાચવવામાં મશગૂલ હોય તેમ જણાય છે. જો અહીં કોઈ દુર્ઘટના સર્જાશે અને જાનહાનિ થશે, તો તેની સંપૂર્ણ જવાબદારી આ ઢીલી નીતિ અપનાવનાર અધિકારીઓની રહેશે તેવું જાગૃત નાગરિકો જણાવી રહ્યા છે.

# પોલીસ કસ્ટડીમાં યુવકે આત્મહત્યાનો પ્રયાસ કર્યો

**બ્લેડ વડે ગળું કાપતાં** યુવક ગંભીર રીતે ઘવાતાં અમદાવાદ ખસેડાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.25

નડિયાદ રૂરલ પોલીસ સ્ટેશનમાં પોકસોના ગુનામાં અટકાયત કરાયેલા એક 21 વર્ષીય યુવકે પોલીસ જાપ્તામાં જ બ્લેડ વડે પોતાના ગળા અને ગુપ્તાંગના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી ગઈ છે. લોહીલુહાણ હાલતમાં યુવકને તાત્કાલિક સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે.

સ્ત્રોતો અનુસાર, પોકસો જેવા ગંભીર ગુના હેઠળ પોલીસ કસ્ટડીમાં રહેલા 21 વર્ષિય યુવકે કોઈ પણ રીતે બ્લેડ મેળવી લીધી હતી અને અચાનક પોતાના શરીર પર ઘા ઝીંક્યા હતા. પોલીસ સ્ટેશનમાં જ લોહીના ખાબોચિયા ભરાઈ જતા ગંભીર હાલતમાં તેને પ્રથમ નડિયાદ સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે, તેની સ્થિતિ વધુ નાજુક જણાતા પોલીસ એસ્કોર્ટ સાથે તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ રિફર કરવામાં આવ્યો છે.

આ સમગ્ર મામલે નડિયાદ ટાઉન પોલીસ મથકે બનાવની નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પોલીસ કસ્ટડીમાં આરોપી પાસે બ્લેડ જેવી પ્રતિબંધિત વસ્તુ ક્યાંથી આવી અને આ ઘટના સમયે જાપ્તામાં રહેલા કર્મચારીઓની શું ભૂમિકા હતી ? તે અંગે ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. પ્રાથમિક અંદાજ મુજબ, આરોપીએ ગભરાટમાં આ પગલું ભર્યું હોવાની આશંકા છે. હાલ પોલીસની પ્રથમ પ્રાથમિકતા યુવકની સારવાર છે.

# ખંભોળજ હાઈવે પર અકસ્માતગ્રસ્ત ગૌમાતાનું રેસ્ક્યુ કરાયું

**ગૌમાતાની** સારવાર અને માવજત માટે મેટર કિંગ બન્ના ગ્રુપ દ્વારા અઠવાડિયા સુધી પ્રયત્નો કરાયા

(પ્રતિનિધિ) આણંદ તા 25

ખંભોળજ હાઈવે ઉપર ચર્ચ નજીક અઠવાડિયા પૂર્વે એક ગૌમાતા ગંભીર અકસ્માતનો ભોગ બની હતી. ઘટનાની જાણ થતા જ જીવદયા ભાવથી પ્રેરિત મેટર કિંગ બન્ના ગ્રુપના સભ્યોએ ગૌ માતા માટે ખુબ સરાહનીય કામગીરી કરી હતી

અકસ્માત બાદ ગૌમાતાની તાત્કાલિક સારવાર અને માવજત માટે મેટર કિંગ બન્ના ગ્રુપ દ્વારા સતત અઠવાડિયા સુધી પ્રયત્નો કરવામાં આવ્યા હતા. ગૌમાતાને પીડામુક્ત કરવા માટે દવાઓ, ખોરાક અને દેખરેખ રાખવામાં આવી હતી.

આ દરમિયાન ગૌસેવાના ક્ષેત્રે જાણીતા, ક્ષત્રિય સેના ઠાસરા તાલુકાના પ્રમુખ તેમજ ડાકોર ખાતે જગતજનની ગૌશાળા ચલાવતા સંજયસિંહ વાઘેલા દ્વારા ગૌમાતાની વિશેષ સારવાર કરવામાં આવી હતી. જોકે ગૌ માતાને વધુ સારવાર અને સંપૂર્ણ માવજત મળી રહે તે હેતુથી મેટર કિંગ બન્ના ગ્રુપના ખંભોળજ, રાસનોલ અને ખાનપુર વિસ્તારના સભ્યોએ નિર્ણય લઈ ગૌમાતાને મહેમદાવાદ તાલુકાના સરસવણી ગામે આવેલી અવનીબાની ગૌશાળા ખાતે મોકલવાની વ્યવસ્થા કરી હતી. સમગ્ર વ્યવસ્થા સ્વખર્ચે પીક-અપ ગાડી દ્વારા કરવામાં આવી હતી.

માનવતા, કરુણા અને ગૌસેવાના સંગમરૂપ આ સમગ્ર ઘટનાએ સમાજમાં સકારાત્મક સંદેશ પ્રસરાવ્યો છે. રસ્તા પર પડેલી નિ:સહાય ગૌમાતાને જીવનદાયી સહારો આપનાર તમામ સેવાભાવી યુવાનોની સેવા સરાહનિય બની છે. આવી સેવાકાર્યની ભાવના જ સમાજને સાચા અર્થમાં સંસ્કારી અને સંવેદનશીલ બનાવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આણંદમાં પશુપાલન ખેતી બાદ મુખ્ય વ્યવસાય ગણાય છે. પરંતુ કેટલાક પશુપાલકો દ્વારા ગૌમાતાને રખડતી મુકી દેવામાં આવે છે.




ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

**કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો**

**મો. 99250 30225, મો. 99255 50225**